મુખ્ય મંત્રીશ્રી, ફેલોશીપ કાર્યક્રમ અંતગર્ત ફેલો તરીકે કરાર આધારિત ધોરણે સ્ટાઇપેન્ડથી નિમણુંક આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃવહસ/૧૦૨૦૦૯/૧૭૬૩/વસુતાપ્ર(ર),
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૨-૬-૨૦૧૦.

વંચાણમાં લીધાઃ- (૧) સામાન્ય વહીવટ વિભાગનો તા. ૨૫/૯/૦૯નો
ઠરાવ ક્રમાંકઃવહસ/૧૦૨૦૦૯/૧૭૬૩/વસુતાપ્ર(ર)

પ્રસ્તાવનાઃ-

વંચાણમાં લીધેલ ઠરાવ તાઃ૨૫/૯/૦૯થી મુખ્યમંત્રી ફેલોશીપ કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવેલ છે.,આ કાર્યક્રમ દ્વારા યુવાન પ્રતિભાઓ કે જેઓમાં શક્તિ અને ઉત્સાહ (Strength & enthusiasm ) છે અને રાજય અને દેશની સામાજિક સેવાઓના ઉત્થાન અને વિકાસમાં સહભાગીદાર થવાની તીવ્ર ઇચ્છા (Burning Desire ) પડેલી છે, તેવી યુવા શક્તિઓને રાજયના વહીવટી તંત્રમાં એકાદ / બે વર્ષ માટે જોડીને રાજ્યમાં ઉચ્ચ કક્ષાએ સરકાર અને વહીવટી તંત્રમાં થતી કામગીરીના અનુભવ અંગે એક તક આપવાનો મુખ્ય આશય અને પ્રયાસ છે.આ કાર્યક્રમના અંતે યુવાવર્ગ જયારે તેમની પસંદગીની કારકિદીમાં જોડાય ત્યારે તેઓ રાજય અને દેશના વિકાસમાં શ્રેષ્ઠ ફાળો ( Contribution ) આપી શકે તે ધ્યેય છે.

પ્રસ્તુત ઠરાવની જોગવાઇઓમાં કેટલાક સુધારા કરવાની બાબત તેમજ ફેલોને નિમણૂંક આપવાની બાબત વિચારણામાં હતી. પુખ્ત વિચારણાને અંતે તાઃ૨૫/૯/૦૯ના ઠરાવની જોગવાઇઓમાં નીચે મુજબ સુધારા / વધારા કરવામાં આવે છે.

ઠરાવઃ-

(૧) આ કાર્યક્રમમાં ૨૦ (વીસ) ફેલોને જુદા જુદા વિભાગોમાં નિમણૂંક આપવામાં આવશે.

(૨) પ્રત્યેક ફેલોને ૧૧ માસ માટે કરારથી નિમણૂંક આપવામાં આવશે. કરારની શરતો / બોલીઓ આ સાથેના પરિશિષ્ટ-૧ મુજબની રહેશે.

(૩) ફેલોને પ્રતિમાસ રૂ.૩૫,૦૦૦/- ( પાંત્રીસ હજાર) સ્ટાઇપેન્ડ / માનદવેતન મળવા પાત્ર રહેશે.

(૪) પ્રત્યેક નિમણૂંક પામનાર ફેલોએ સ્વખર્ચે હાજર થવાનું રહેશે.(તાઃ૨૫/૯/૦૯ના ઠરાવના શરત ૪ માં હાજર થવા / પરત જવા ભાડું ભથ્થું આપવાની જોગવાઇ કરેલ છે તે રદ કરવામાં આવે છે.)

(૫) નિમણૂંક પામનાર ફેલોએ, પ્રથમ સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, ઇસરો સામે, અમદાવાદ ખાતે હાજર થવાનું રહેશે. જ્યાં તેમણે ૪ દિવસના ફાઉન્ડેશન કોર્સમાં તાલીમ મેળવવાની રહેશે.

(૬) ફેલોનો દરજ્જો રાજ્ય સરકારના વર્ગ-૧ના અધિકારી સમકક્ષ ગણવાનો રહેશે.

(૭) ફેલો દર માસે તેમનો અહેવાલ

૧. સંબંધિત વહીવટી વિભાગના વડા

૨. અગ્ર સચિવશ્રી( આયોજન) સામાન્ય વહીવટ વિભાગ

૩. માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી ને રજૂ કરશે.

(૮) ફેલોની કામગીરીનું મૂલ્યાંકન દર ત્રણ માસે ઉપરોક્ત ૩ અધિકારીઓ દ્વારા કરવામાં આવશે. ફેલોને પછીથી ચાલુ રાખવા કે ૧૧ માસ બાદ ફરીથી નિમણૂંક આપવી તે આ મુલ્યાંકન આધારે નક્કી થશે. પ્રથમ રીપોર્ટ ત્રણ માસ પછી રજૂ થશે અને પ્રત્યેક રીપોર્ટમાં ફેલોએ યોગ્ય ભલામણો અને ઇન્પુટ્સ આપવાના રહેશે.

(૯) જે વિભાગ હસ્તક ફેલો મૂકવામાં આવે તે વિભાગે ફેલો માટે નીચે મુજબ વ્યવસ્થા કરવાની રહેશે.

૧. બેઠક વ્યવસ્થા અને સ્વતંત્ર લેપટોપ(નવું ખરીદીને આપવું)

૨. ફેલોને રાજ્યમાં પ્રોજેક્ટ માટે મુસાફરી કરવાની થાય, તો વાહનની વ્યવસ્થા. જો રાજ્ય બહાર મુસાફરી કરવાની થાય તો જે તે વહીવટી વિભાગના વડાની પૂર્વ મંજૂરી મેળવી ફેલોએ મુસાફરી કરવાની રહેશે.

૩. જો ફેલો, સરકારી નિવાસસ્થાન માટે વિનંતી કરે, તો ખાસ કિસ્સામાં તાત્કાલિક નિવાસસ્થાન ફાળવી આપવાની વિનંતી સહ, ફેલોની અરજી માર્ગ અને મકાન વિભાગને મોકલવી. માર્ગ અને મકાન વિભાગ તાત્કાલિક આ અરજીની વિચારણા કરશે.

(૧૦) ફેલોએ કરેલ કામગીરી અંગે, કરારના સમયગાળા દરમ્યાન તેમજ કરારની મુદત પૂરી થયા પછી પણ ચુસ્ત ગુપ્તતા જાળવવાની રહેશે.. કરારના સમયગાળા દરમ્યાન કરેલ કામગીરી તેમજ સંશોધિત કરેલ/ એકત્ર કરેલ/ મેળવેલ / તૈયાર કરેલ માહિતીને કરાર દરમ્યાન કે પછીથી પણ જાહેર કરશે નહીં તે મુજબનું નોટરી સમક્ષ કરેલ સોગંદનામું પરિશિષ્ટ-૨ મુજબના નિયત નમૂનામાં આપવાનું રહેશે.

(૧૧) તાઃ૨૫/૯/૦૯ના ઠરાવની જોગવાઇઓ, ઉપરોકત સુધારાઓને લીધે એટલે અંશે સુધારેલ ગણવાની રહેશે.

પ્રસ્તુત કાર્યક્રમના અમલ માટે ચાલુ વર્ષ દરમ્યાન રૂ.૮૪,૦૦,૦૦૦/- (ચોર્યાસી લાખ પુરા)નો ખર્ચ કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે. જેમાંથી પરિશિષ્ટ-૩ તરીકેના પત્રક

મુજબ ખર્ચ કરવા સામાન્ય વહીવટ વિભાગને આથી અધિકૃત કરવામાં આવે છે.

આ કુલ ખર્ચ પૈકી ચાલુ વર્ષના બજેટમાં નીચેના બજેટ હેડે રૂ.૪૧.૨૫ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. તેમાંથી તાત્કાલિક ધોરણે પરિશિષ્ટ-૩ મુજબની બાબતો માટે ખર્ચ કરવાનો રહેશે. ખૂટતી રકમ પુરક જોગવાઇમાંથી મેળવવાની રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરે ઉધારવાનો રહેશે.

ડીમાન્ડ નં. ૩૩

મેજર હેડ - ૨૦૫૨ - સચિવાલય, સામાન્ય સેવાઓ

સબ મેજર હેડ - ૦૦

માઇનોર હેડ - ૦૯૦ - સચિવાલય

સબ હેડ - ૧૦ - મુખ્યમંત્રીશ્રી ફેલોશીપ પ્રોગ્રામ -નોન પ્લાન

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૧૪/૬/૨૦૧૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આર.વી.સુથાર )
નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર.

પ્રતિ,
માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી,
માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી
માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી
માન.રા.ક.મંત્રીશ્રીઓ / સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી
માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી
માન.અધ્યક્ષશ્રી,ગુજરાત વિધાનસભાના અંગત સચિવશ્રી
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી
સર્વે વિભાગોના અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી / સચિવશ્રીઓ
પગાર અને હિસાબી અધિકારીશ્રી,ગાંધીનગર
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી,ગાંધીનગર
સામાન્ય વહીવટ વિભાગના સર્વે સંયુકત સચિવશ્રી / નાયબ સચિવશ્રી / ઉપ સચિવશ્રીઓ
સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ
સિલેકટ ફાઇલ
શાખા ફાઇલ.

## પરિશિષ્ટ-૧

(સા.વ.વિ ઠરાવ ક્રમાંકઃવહસ/૧૦૨૦૦૯/૧૭૬૩/વસુતાપ્ર(૨), તાઃ૨૨/૬/૧૦ સાથેનું બિડાણ

---

માન.મુખ્ય મંત્રીશ્રી ફેલોશીપ કાર્યક્રમ અન્વયે નિમણૂંક પામનાર ફેલોની નિમણૂંકની બોલીઓ અને શરતો નીચે મુજબ રહેશે.

(૧) આ કાર્યક્રમ અન્વયે પ્રથમ તબક્કે ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન ૨૦ (વીસ) વ્યક્તિઓને ફેલોશીપ આપવામાં આવશે.

(૨) ફેલોને પ્રતિમાસ રૂ.૩૫૦૦૦/- (પાંત્રીસ હજાર) મુજબ સ્ટાઇપેન્ડ/માનદવેતન ચૂકવવામાં આવશે. અન્ય કોઇપણ ભથ્થું કે લાભો મળવાપાત્ર થશે નહીં.

(૩) આ કાર્યક્રમ અન્વયે પસંદ થયેલ વ્યક્તિને ફેલોશીપ માટે ૧૧ માસના કરારના ધોરણે નિયુક્તિ આપવામાં આવશે.

(૪) કરારના સમયગાળા દરમ્યાન સ્ટાઇપેન્ડ/માનદ વેતનમાં કોઇપણ પ્રકારનો વધારો કે ઇજાફો મળવાપાત્ર થશે નહીં. મોંઘવારી ભથ્થું, વચગાળાની રાહત અથવા પગારપંચના બીજા લાભો કે સેવા વિષયક અન્ય કોઇ લાભો મળવાપાત્ર થશે નહીં.

(૫) કરારના સમયગાળા દરમ્યાન મેડીકલ રીએમ્બર્સમેંટ મળવાપાત્ર થશે નહીં.

(૬) કરારના સમયગાળા દરમ્યાન બજાવેલ સેવા/નોકરી પેંશન, બોનસ,એલ.ટી.સી., એંકેશમેંટ ઓફ લીવ,પેશગી કે કોઇ અન્ય નાણાંકીય લાભો સરકારશ્રી પાસેથી મેળવવાને પાત્ર ગણાશે નહીં.

(૭) કરારના સમયગાળા દરમ્યાન કર્મચારીનું અવસાન થાય તો તેમણે બજાવેલી ફરજના સમયગાળાની સ્ટાઇપેન્ડ /માનદ વેતનની લેણી રકમ કર્મચારીના કુટુંબીજનોને મળવાપાત્ર થશે. પરંતુ બીજા એક્સગ્રેશીયા લાભ કે રહેમ રાહે નોકરી જેવા આનુષાંગિક લાભ મળવાપાત્ર થશે નહીં.

(૮) સમાન સંવર્ગના અધિકારીએ જે ફરજો બજાવવાની થતી હોય તેવી ફરજો બજાવવાની રહેશે, તે માટે કચેરીમાં ફરજ પાલનનો જે સમય નિયત કરેલ હોય તે સમય પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે.તેમજ પ્રાઇવેટ પ્રેક્ટીસ કે અન્યત્ર પાર્ટ ટાઇમ નોકરી કરી શકાશે નહીં. જાહેર રજાના દિવસોએ પણ સરકારી કામગીરીની જરૂરિયાતને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તો તે મુજબ ફરજ બજાવવાની રહેશે. રાજ્કીય પ્રવુત્તિમાં ભાગ લઇ શકાશે નહીં.

(૯) કરારના સમય દરમ્યાન વાર્ષિક ધોરણે ૧૧ પરચુરણ રજા મળવાપાત્ર થશે. અન્ય કોઇ રજા મળવાપાત્ર થશે નહીં. તે સિવાયની રજા ભોગવશે તો તે રજાના દિવસના સ્ટાઇપેન્ડની કપાત કરી લેવામાં આવશે.

(૧૦) તેઓએ કાર્ય મથક પર રહેઠાણે રહેવાનું ફરજીયાત રહેશે. અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકાશે નહીં.

(૧૧) ફરજના ભાગરુપે મુખ્ય મથકથી આઠ કિ.મી. બહાર જવાનું થાય તો ૬ કલાકથી વધુ અને ૧૨ કલાક સુધીના રોકાણ માટે રૂ.૧૫/- અને ૧૨ કલાકથી વધુ સમયના રોકાણ માટે રૂ.30/- દૈનિક ભથ્થું મળવાપાત્ર થશે. તેમજ મુસાફરી ભાડા પેટે એસ.ટી. બસ/રેલ્વેનું વર્ગ-૧ના અધિકારીને મળવાપાત્ર ભાડું મળશે.

(૧૨) કરારના સમયગાળા દરમ્યાનની અસંતોષકારક કામગીરી કે અશિસ્ત બદલ કોઇપણ જાતની નોટિસ આપ્યા સિવાય કોઇપણ સમયે કરાર સમાપ્ત કરવામાં આવશે.

(૧૩) સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં હવે પછી બીજી કોઇ જરૂરી શરતો નક્કી થાય તો તે પણ બંધનકર્તા રહેશે.

(૧૪) વ્યવસાય વેરાની કપાત નિયમાનુસાર સ્ટાઇપેન્ડ /માનદ વેતનમાંથી કરી લેવાની રહેશે.

(૧૫) નિમણૂંકના સમય દરમ્યાન તેમજ કરેલ કામગીરી બાબત અંગે કોઇપણ પ્રકારની ફોજદારી કે દિવાની કાર્યવાહી સબબ રાજ્ય સરકારની કોઇપણ જવાબદારી રહેશે નહીં.

(૧૬) કરાર આધારિત સ્ટાઇપેન્ડથી/ માનદ વેતનથી નિમણૂંક પામેલ વ્યક્તિને સરકારી મહેકમ ઉપર સમાવિષ્ટ થવા માટેનો કોઇ હક્ક પ્રાપ્ત થશે નહીં.

(૧૭) ઉપરોક્ત શરતો નિમણૂંક પામનાર વ્યક્તિને સ્વીકાર્ય છે, તે અંગેનું સંમતિપત્ર શરૂમાં જ મેળવવાનું રહેશે.

(૧૮) સ્ટાઇપેન્ડ / માનદ વેતનથી જોડાનાર વ્યક્તિએ કરાર કરવાનું સ્વિકારતા પહેલાં તેમની સેવા લેનાર સત્તાધિકારીને યોગ્ય લાગેતો પર્સનલ એક્સીડંટ યોજના અંતર્ગત વીમો મેળવી લેવાનો,અદ્યતન કરાવવાનો તથા તેનો આધાર કચેરીમાં રજૂ કરવાનો રહેશે. આ અંગે વીમાના પ્રીમીયમનો ખર્ચ કચેરી દ્વારા ભોગવવામાં આવશે નહીં.

(૧૯) કરારની મુદત પૂર્ણ થયેથી અપાયેલ નિમણૂંકનો આપોઆપ અંત આવેલો ગણાશે.

**ANNEXURE-2**

(Annexed with General Administration Department G.R .No.VHS/102009/ 1763/ARTD-2 dated 22-6-2010)

**UNDERTAKING**

I,...................................Age.....Residence:.......................................

.....................................solemnly affirm & declare on Oath that :

I have been offered to join fellowship under the Govt. of Gujarat Chief Minister's Fellowship Programme from 5th July 2010. I hereby abide myself that during the fellowship and attachment with my allotted department or during the interaction with the C.M's office and even after the completion of my fellowship programme, I shall not

divulge or disclose any information which comes to my knowledge during this period.

I hereby also state that neither myself nor any of my family members are involved with any political or unlawful organization.

I have also been made to understand that this Affidavit can be and shall be used against me for legal proceedings as and when I breach the above undertaking.

In testimony I hereby sign and execute the affidavit before notary.................... in my full conscious and without any pressure or co-ercion at my own will on _____day of month of ______ 2010.

______________________ Notary

Day/Date______________

## પરિશિષ્ટ–૩

(સા.વ.વિ ઠરાવ ક્રમાંકઃવહસ/૧૦૨૦૦૯/૧૭૬૩/વસુતાપ્ર(૨),તાઃ૨૨/૬/૧૦ સાથેનું બિડાણ

**<u>માન. મુખ્યમંત્રીશ્રીના ફેલોશીપ કાર્યક્રમ અન્વયે થનાર ખર્ચની વિગતો દર્શાવતું પત્રક.</u>**

| | |
|---|---|
| ડીમાન્ડ નં. | ૩૩ |
| મેજર હેડ– | ૨૦૫૨–સચિવાલય, સામાન્ય સેવાઓ |
| સબ મેજર હેડ– | ૦૦ |
| માઈનોર હેડ – | ૦૯૦–સચિવાલય |
| સબ હેડ – | ૧૦–મુખ્યમંત્રી ફેલોશીપ પ્રોગ્રામ |

(૧) નિમણૂંક પામનાર ફેલોની સંખ્યા – ૨૦ (વીસ)

(૨) ફેલોને પ્રતિમાસ સ્ટાઈપેન્ડ – રુા. ૩૫૦૦૦/–

(૩) ૨૦૧૦–૧૧ દરમ્યાન (જુલાઈ–૧૦ થી ફેબ્રુ–૧૧ સુધીના સ્ટાઈપેન્ડ મુજબ) ખર્ચની ગણત્રી.

---

(અ) સ્ટાઈપેન્ડ રુા. રુા.૩૫૦૦૦ X૨૦ વ્યકિતX ૮માસ = રૂા. ૫૬,૦૦,૦૦૦

(બ) મુસાફરી ભથ્થું
રુા. ૫૦૦૦/– X ૨૦ વ્યકિતX ૮ માસ = રૂા. ૮,૦૦,૦૦૦

(ક) લેપટોપના રુા. ૫૦,૦૦૦/–
X ૨૦ વ્યકિત = રૂા.૧૦,૦૦,૦૦૦

(ડ) તાલીમનો ખર્ચ
(૧ ફેલો દીઠ રુા. ૧૫૦૦/– પ્રતિદિન ગણતાં)
તેમજ અન્ય ખર્ચ = રૂા.૧૦,૦૦,૦૦૦

---

કુલ ખર્ચ. રુા. = ૮૪,૦૦,૦૦૦

---

(રુા. ચોર્યાસી લાખ પૂરા)